અપીલ અરજી નં.૧૭૩ તા.૩૦–૮–૧૦/૧૧

અરજદાર:– શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબે
સામાવાળા:– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબેની તા.૨૬–૭–૧૦ની અરજીથી (૧) વોર્ડ નં.૩૬ માં આવેલ ડિંડોલી ખરવાસારોડના તમામ સોસાયટીઓના ઉપર બિલ્ડરો ધ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવાની શિકાયતો લોકો ધ્વારા હોવા છતા કોઈ કાર્યવાહી કેમ નથી કરવામાં આવતી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૩/૨૦૧૦–૧૧

શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબેની તા.૨૬–૭–૧૦ની અરજીથી (૧) વોર્ડ નં.૩૬ માં આવેલ ડિંડોલી ખરવાસારોડના તમામ સોસાયટીઓના ઉપર બિલ્ડરો ધ્વાર ગેરકાયદેસર બાંધકામ કરવાની શિકાયતો લોકો ધ્વારા હોવા છતાં કોઈ કાર્યવાહી કેમ નથી કરવામાં આવતી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૮૪ તા.૧૩–૯–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજી મુળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ અને નહીં મળેલ માહિતીનું વિવરણ જણાવેલ ન હોઈ તથા સાથે અપીલના આધાર પણ જણાવેલ ન હોઈ તેમજ જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૨૫ તા.૬–૯–૧૦ થી તેમને માહિતી મોકલ્યાનું જણાવેલ છે. તે માહિતી મળેલ છે કે કેમ? અને તે મળ્યા બાદ શી વિગતે નારાજગી છે તે વિગતો પણ આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજીની નિકાલની જાણ કરતી નકલ તા.૬–૯–૧૦ ના રોજ અરજી સહ અત્રે મોકલેલ.

અરજદારની તા.૨૬–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે અંગે દિન–૩૦ ના નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી અરજદારે તા.૩૦–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને નહીં મળેલી માહિતીનું વિવરણ તથા અપીલના આધાર અને માહિતી મળેલ છે કે કેમ? અને તે મળ્યા બાદ શી વિગતે નારાજગી છે તે આધારસહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે અપીલ તબકકે પણ કોઈ વિગતો જણાવેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૨૫ તા.૬–૯–૧૦ થી અરજદારને મુદ્દા નં. (૧) વોર્ડ નં.૩૬ માં આવેલ ડિંડોલી ખરવાસારોડના તમામ સોસાયટીઓના ઉપર બિલ્ડરો ધ્વાર ગેરકાયદેસર બાંધકામ કરવાની શિકાયતો લોકો ધ્વારા હોવા છતાં કોઈ કાર્યવાહી કેમ નથી કરવામાં આવતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટઝોનના કાર્યક્ષેત્રમાં આવતી બિન અધિકૃત બાંધકામ અંગેની ફરીયાદો અંગે લીંબાયતઝોન કચેરીએથી જરૂરી કાર્યવાહી અવાર નવાર કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. (૨) કેવલ ગરીબ લોકોના મકાન તોડવામાં મનપા કેમ રસ લઈને ઔપચારિકતા પુરી કરે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફકત ગરીબ લોકોના બાંધકામ તોડવામાં મનપા રસ લઈ ઔપચારીકતા પૂરી કરવામાં આવતી હોવાની તમારી રજૂઆત સત્યથી વેગળી છે. તેવું જણાવેલ છે. (૩) કેમ રેસીડેન્સીયલ એરિયામાં દુકાનો બનાવવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેસીડેન્સીયલ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકામાં પ્લાન મંજુર કરાવી દુકાનો બનાવી શકાય છે. તેવું જણાવેલ છે. (૪) મનપા કેમ ઉપરોકત રોડ ઉપર આવતા સોસાયટીઓમાં માર્જીન અને સી.ઓ.પી.માં ગેરકાયદેસર બાંધકામ કરવા છુટ આપે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા સોસા.ના માર્જીન અને સીઓપીમાં બિન અધિકૃત બાંધકામ કરવાની છુટ આપવામાં આવતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) મિલેનીયમપાર્કના ગેરકાયદેસર બાંધકામના અનુસંધાને ગેરકાયદેસર દબાણની નોટીસો આપવામાં આવી હતી તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલેનીયમપાર્કના ગેરકાયદેસર બાંધકામ અનુસંધાને પૂર્વે ગેરકાયદેસર દબાણની લીંબાયતઝોન કચેરીએથી કોઈ નોટીસ આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ છે અને તે સ્વીકાર્યા બદલની અરજદારે તે જ તારીખે પહોંચ પણ આપેલ છે તેની નકલ અત્રે રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબે ,